॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૮

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### (ગુજરાતી શ્લોકનું ભાષાંતર)

| | |
|---|---|
| **શ્લોક - ૧૦૬** | ભગવાન સદાય સર્વકર્તા, સાકાર, સર્વોપરી છે અને મુમુક્ષુઓની મુક્તિ માટે હંમેશાં પ્રગટ રહે છે. |
| **શ્લોક - ૧૦૭** | અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુ દ્વારા ભગવાન પોતાનાં સકળ ઐશ્વર્યો સહિત, પરમાનંદ અર્પતાં થકાં સદાય પ્રગટ રહે છે. |
| **શ્લોક - ૧૦૮** | અક્ષરબ્રહ્મ ગુરુને વિષે દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ કરવી. તેમને વિષે પ્રત્યક્ષ ભગવાનનો ભાવ લાવીને ભક્તિએ કરીને તેમની સેવા તથા ધ્યાન કરવાં. |
| **શ્લોક - ૧૦૯, ૧૧૦** | સ્વામિનારાયણ મંત્ર દિવ્ય, અલૌકિક અને શુભ મંત્ર છે. સ્વયં શ્રીહરિએ આ મંત્ર આપ્યો છે. સર્વ ભક્તોએ તેનો જપ કરવો. આ મંત્રમાં ‘સ્વામિ’ શબ્દથી અક્ષરબ્રહ્મને સમજવા અને ‘નારાયણ’ શબ્દથી તે અક્ષરબ્રહ્મથી પર એવા પુરુષોત્તમને સમજવા. |
| **શ્લોક - ૧૧૧ થી ૧૧૪** | આ સિદ્ધાંત ભગવાન સ્વામિનારાયણે આ લોકમાં પ્રબોધ્યો. ગુણાતીત ગુરુઓએ તેનું દિગંતમાં પ્રવર્તન કર્યું. શાસ્ત્રીજી મહારાજે તેને મૂર્તિમાન કર્યો. ગુરુઓના જીવનચરિત્ર-ગ્રંથોમાં તેની પુનઃ દૃઢતા કરાવવામાં આવી. આ સિદ્‌ધાંતને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે પોતાના હસ્તાક્ષરથી લખી સ્થિર કર્યો. સાક્ષાત્ ગુરુહરિના પ્રસંગથી આ સિદ્ધાંત જીવનમાં પ્રાપ્ત કરી શકાય છે. તે આ સત્ય સનાતન મુક્તિપ્રદ સિદ્ધાંતને જ દિવ્ય **‘અક્ષરપુરુષોત્તમ દર્શનમ્’** કહેવામાં આવે છે. |
| **શ્લોક - ૧૧૫** | આવા પરમ દિવ્ય સિદ્ધાંતનું ચિંતવન કરતાં કરતાં નિષ્ઠાથી અને આનંદ-ઉત્સાહપૂર્વક સત્સંગ કરવો. |
| **શ્લોક - ૧૧૬** | ત્રણ દેહથી વિલક્ષણ એવા પોતાના આત્માને વિષે બ્રહ્મરૂપની વિભાવના કરી સદૈવ પરબ્રહ્મની ઉપાસના કરવી. |
| **શ્લોક - ૧૧૭** | અક્ષરાધિપતિ પરમાત્માની ભક્તિ સદા ધર્મે સહિત કરવી. ક્યારેય ધર્મે રહિત ભક્તિ ન કરવી. |
| **શ્લોક - ૧૧૮** | ભક્તિનું કે જ્ઞાનનું આલંબન લઈને કે કોઈ પર્વનું આલંબન લઈને પણ મનુષ્યએ અધર્મનું આચરણ ન કરવું. |
| **શ્લોક - ૧૧૯** | પર્વને વિષે પણ ભાંગ, દારૂ વગેરેનું પાન કરવું, જુગાર વગેરે રમવું, ગાળો બોલવી ઇત્યાદિ ન કરવું. |
| **શ્લોક - ૧૨૦** | પરબ્રહ્મ તથા અક્ષરબ્રહ્મ સિવાય અન્યત્ર પ્રીતિ ન હોવી તે વૈરાગ્ય છે. તે ભક્તિનું સહાયક અંગ છે. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૮

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)**

| | |
|---|---|
| **શ્લોક - ૧૦૬**<br>સર્વકર્તા ચ સાકારઃ સર્વોપરિ સદા હરિ ।<br>મુમુક્ષૂણાં વિમોક્ષાય પ્રકટો વર્તતે સદા ॥ ૧૦૬ ॥ | **શ્લોક - ૧૧૫**<br>સિદ્ધાંતં પરમં દિવ્યમ્ એતાદૃશં વિચિંતયન્ ।<br>સત્સંગં નિષ્ઠયા કુર્યાદ્ આનંદોત્સાહપૂર્વકમ્ ॥ ૧૧૫ ॥ |
| **શ્લોક - ૧૦૭**<br>બ્રહ્માક્ષરગુરુદ્વારા ભગવાન્ પ્રકટઃ સદા ।<br>સહિતઃ સકલૈશ્ચર્યૈઃ પરમાનંદમર્પયન્ ॥ ૧૦૭ ॥ | **શ્લોક - ૧૧૬**<br>નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્ ।<br>વિભાવ્યોપાસનં કાર્યં સદૈવ પરબ્રહ્મણઃ ॥ ૧૧૬ ॥ |
| **શ્લોક - ૧૦૮**<br>પ્રીતિઃ કાર્યાત્મબુદ્ધિશ્ચ બ્રહ્માક્ષરે ગુરૌ દૃઢા ।<br>પ્રત્યક્ષભગવદ્ભાવાત્ સેવ્યો ધ્યેયઃ સ ભક્તિતઃ ॥ ૧૦૮ ॥ | **શ્લોક - ૧૧૭**<br>અક્ષરાધિપતેર્ભક્તિં સધર્મામાચરેત્ સદા ।<br>ધર્મેણ રહિતાં નૈવ ભક્તિં કુર્યાત્ કદાચન ॥ ૧૧૭ ॥ |
| **શ્લોક - ૧૦૯, ૧૧૦**<br>સ્વામિનારાયણો મંત્રઃ દિવ્યશ્ચાલૌકિકઃ શુભઃ ।<br>જપ્યોયં સકલૈર્ભક્તૈર્દત્તોયં હરિણા સ્વયમ્ ॥ ૧૦૯ ॥<br>અક્ષરં બ્રહ્મ વિજ્ઞેયં મંત્રે સ્વામીતિ શબ્દતઃ ।<br>નારાયણેતિ શબ્દેન તત્પરઃ પુરુષોત્તમઃ ॥ ૧૧૦ ॥ | **શ્લોક - ૧૧૮**<br>ભક્તિં વા જ્ઞાનમાલંબ્ય નૈવાધર્મં ચરેજ્જનઃ ।<br>અપિ પર્વવિશેષં વાલંબ્ય નાધર્મમાચરેત્ ॥ ૧૧૮ ॥<br>**શ્લોક - ૧૧૯**<br>ભંગાસુરાદિપાનં વા દ્યૂતાદિક્રીડનં તથા ।<br>ગાલિદાનાદિકં નૈવ પર્વસ્વપિ સમાચરેત્ ॥ ૧૧૯ ॥ |
| **શ્લોક - ૧૧૧ થી ૧૧૪**<br>સ્વામિનારાયણેનેહ સિદ્ધાંતોયં પ્રબોધિતઃ ।<br>ગુરુભિશ્ચ ગુણાતીતૈર્દિગંતેયં પ્રવર્તિતઃ ॥ ૧૧૧ ॥<br>યજ્ઞપુરુષદાસેન સ્થાપિતો મૂર્તિમત્તાયા ।<br>ગુરુચરિત્રગ્રંથેષુ પુનરયં દૃઢાયિતઃ ॥ ૧૧૨ ॥<br>પ્રમુખગુરુણા યોયં સ્વીયાક્ષરૈઃ સ્થિરીકૃતઃ ।<br>સાક્ષાદ્ ગુરોઃ પ્રસંગેન લભ્યતેયં હિ જીવને ॥ ૧૧૩ ॥<br>અયમેવ સ સિદ્ધાંતો મુક્તિપ્રદઃ સનાતનઃ ।<br>ઉચ્યતે દર્શનં દિવ્યમ્ અક્ષરપુરુષોત્તમમ્ ॥ ૧૧૪ ॥ | **શ્લોક - ૧૨૦**<br>પરસ્માદ્ બ્રહ્મણોન્યસ્મિન્નક્ષરાદ્ બ્રહ્મણસ્તથા ।<br>પ્રીત્યભાવો હિ વૈરાગ્યમ્ અંગં ભક્તેઃ સહાયકમ્ ॥ ૧૨૦ ॥ |